| | |
|---|---|
| **અરજી દાખલ થયા** | **તા.૧૪/૦૯/૨૦૨૦** |
| **અરજી રજી.થયા** | **તા.૧૪/૦૯/૨૦૨૦** |
| **અરજી ફેસલ થયા** | **તા.૧૫/૧૦/૨૦૨૦** |
| **અવધિ:** | **વ. માસ. દિવસ.** |

**ભચાઉના મે.નવમા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.ભચાઉ.**

**ફોજદારી રીવીઝન અરજ.નં.૩૦/૨૦૨૦**

**આંક–**

**અરજદાર :–** મહિદિપસિંહ પ્રદિપસિંહ ગોહીલ
સન/ઓફ. પ્રદિપસિંહ પથુભા ગોહીલ
ઉ.વ.આ. ૨૫, ધંધો– ખેતી
રહે. ૩૫/ટી, બીવીપી રેલ્વે સ્ટેશન, ભાવનગર પરા, ભાવનગર

**વિરૂધ્ધ**

**સામાવાળા:–** સરકાર

**અરજદાર તર્ફે વિ. વકીલશ્રી એચ. એચ. કાંઠેચા**

**સામાવાળા તર્ફે વિ.સરકારી વકીલશ્રી ડી. એસ. જાડેજા**

**બાબત –**<u>ક્રિ.પ્રો.કોડની કલમ–૩૯૭ (૧) મુજબ રીવીઝન અરજી.</u>

**// ચુકાદો //**

(૧) અરજદારે ભચાઉ પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૫૧૦૯/ ૨૦૧૯, પ્રોહી એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામે કબજે કરેલ વાહન રજી. નં. જી.જે.૦૪.સીજે.૫૩૧૭ ની વચવાળાની કસ્ટડી પરત મેળવવા માટે મુદામાલની અરજી ક્રિ. પ્રો. કો. ની કલમ–૪૫૧ મુજબ ગુજારેલી જે નામંજુર(રદ) કરતો હુકમ તા.૩૧/૮/૨૦૨૦ ના રોજ એડી. જયુ.

મેજી., ભચાઉ–કચ્છ નાઓએ કરેલ તેથી તે હુકમથી નારાજ થઈ હાલની રીવીઝન અરજ ગુજારેલી છે જેની વિગત વંચાણે લીધી.

(૨) આ કામે અરજદાર તરફે વિ.વકીલશ્રીની લંબાણપુર્વકની મૌખિક દલીલ સાંભળી. તેઓની દલીલનો મુખ્ય સારાંશ એવો છે કે, અરજદાર ગાડીના માલીક છે અને ગાડી લાંબો સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો ભંગારમાં ફેરવાય જાય તેમ છે. નીચેની અદાલતે કાયદાની જોગવાઈ અને હકીકતનુ મુલ્યાંકન કરવામાં કસુર કરેલી છે અને મુદામાલ અરજ નામંજુર કરતો હુકમ કરેલ છે તે કાયદા વિરૂધ્ધનો હોય રદ કરી મુદામાલ અરજીમાં માગ્યા મુજબની દાદ આપવા દલીલ કરેલી છે.

(૩) આ કામે સામાવાળા તરફે વિ.સરકારી વકીલશ્રીની લંબાણપુર્વકની દલીલ સાંભળી, તેઓની દલીલનો ટુંકમાં મુખ્ય સારાંશ એવો છે કે, પોલીસે મુદામાલ વિદેશી દારૂ વાહનમાંથી પકડેલ છે અને પ્રોહીબીશન એકટની જોગવાઈઓ અનુસાર આ વાહન સરકાર ખાલસા કરવાપાત્ર થાય છે. તેવા સંજોગોમાં મુદામાલ વાહન અરજદારને પરત આપી શકાય નહી. ટ્રાયલ કોર્ટે મુદામાલ અરજીના નિર્ણય વખતે તમામ જોગવાઈઓ ધ્યાને લઈ જે હુકમ કરેલો છે તે કાયદેસરનો યોગ્ય નિર્ણય છે તેથી અરજદારની રીવીઝન અરજ નામંજુર(રદ) કરવા દલીલ કરેલી છે.

(૪) આ કામે ટ્રાયલ કોર્ટનુ મુદામાલ અરજીનુ અસલ રેકર્ડ વંચાણે લીધુ.

(૫) ઉપરોકત હકીકતે હાલની રીવીઝન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદદા ઉપસ્થિત થાય છે.

૧. શુ અરજદાર પુરવાર કરે છે કે ટ્રાયલ કોર્ટનો મુદામાલ અરજી નામંજુર કરતો હુકમ ગેરકાયદેસરનો કે કાયદા વિરૂધ્ધનો, અનિયમીત, અસ્પષ્ટ, કાયદાના પ્રસ્થાપિત સિંધ્ધાતની વિરૂધ્ધનો , ભુલ ભરેલો, હસ્તક્ષેપને પાત્ર, તેમજ રદ થવાને પાત્ર છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. મુદદા નં.૧ નકારમાં

૨. મુદદા નં.૨ આખરી હુકમ મુજબ .

ઉપરોકત નિર્ણય માટેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

**-// કા ર ણો //-**

**મુદા નંબર.૧ , ૨ ::-**

(૭) આ કામે તમામ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો, અરજદારે પોતેજ આ વાહનના માલીક છે તે રીતે મુળ અરજીમા રજુઆત કરેલી છે. વાહનની આર.સી. બુકની ઝેરાક્ષ નકલ જોવામા આવે તો તેમા વાહન માલીકનુ નામ " પ્રદિપસિંહ પથુભા ગોહીલ" આપવામા આવેલુ છે. આમ, વાહનના માલીકે આ અરજી કરી હોય તેવુ નથી.

વધુમા, આ કામે રજુઆત અનુસાર અરજદારના પિતા તા.૨/૧૧/૨૦૧૬ મા અવસાન પામેલા છે અને તેવા સંજોગોમા માલીક જે સમયે અવસાન પામે તેજ ક્ષણથી ગુજરનારની તમામ સ્થાવર અને જંગમ મિલકત તેના તમામ વારસદારોમાં આપોઆપ સ્થાપિત થઈ જાય છે અને તે રીતે વારસદારો મિલકતના વારસાઈથી માલીક બને છે. આ કિસ્સામા અરજદાર એકલાજ વારસદાર હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, અરજદારે દિવાની અદાલતમાંથી પોતે એકલાજ વારસ અથવા હકકદાર છે તેવો હુકમ અથવા સકશેસન એકટ મુજબનુ જરૂરી પ્રમાણપત્ર લાવવુ પડે.

અરજદાર તરફેની રજુઆત અનુસાર વીમા પોલીસીમા તેઓનુ નામ છે પરંતુ તે નામ "નોમીની" તરીકેનુ છે અને તેનો અર્થ વાહનના અકસ્માતમા માલીકને ઈજા થાય કે કોઈ વળતર લેવાનુ હોય તે સમયે માલીક હયાત ન હોય તો "નોમીની" ને વિશેષ કોઈ કાર્યવાહી કર્યા સિવાય આપી શકાય. આવા, સંજોગોમા તમામ વારસદારો નો હકક લાગતો હોવાથી અને અરજદારે તે બાબત છુપાવેલી છે જેથી અરજદારનો ઈરાદો ચોકકખો હોય તેવુ જણાતુ નથી.

આમ, વાહન ના માલીકના અવસાન બાદ પણ વાહન ગુજરનારના નામથી ફેરવવામા આવેલુ છે તે અત્યંત ગંભીર બાબત છે. માલીક ગુજરી ગયેલ હોવા છતા આ વાહનમા મુદામાલ વિદેશી દારૂ ભરવામા આવેલ છે તે અરજદારની સભાન અવસ્થાની જાણમા છે તેવુ મારૂ માનવુ છે. આ કામે એફ.આઈ.આર. ની વિગત અનુસાર આ ગુનામા ભારતીય બનાવટનો વિદેશી દારૂ મળી આવેલો છે. આવા સંજોગોમાં આ દારૂના જથ્થાનુ પ્રમાણ ઘણુ વધારે છે. ટ્રાયલ કોર્ટે મુદામાલ અરજીના નિર્ણય વખતે કાયદામા થયેલા સુધારા અને અન્ય ના. ગુજરાત હાઈકોર્ટના પ્રોહીબીશનના ગુનામા મુદામાલ છોડવા માટેના સિધ્ધાંતને ધ્યાને લઈને, મુદામાલ અંગેની તમામ જોગવાઈઓનુ વ્યાજબી મુલ્યાંકન

કરેલ છે. આવા સંજોગોમાં ટ્રાયલ કોર્ટે પોતાના હુકમમાં જે કારણો આપેલા છે તે કાયદેસરના વ્યાજબી છે અને તેની સાથે અત્રેની અદાલત સંમત છે તેવા સંજોગોમાં ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૯૭ અન્વયેની સતા આ કીસ્સામાં વાપરવા માટેનુ ઉચીત કારણ મને જણાતુ નથી અને તેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપુ છું.

(૮) આમ, ઉપરોકત તમામ ચર્ચાને ધ્યાને, લેતા અત્રેની રીવીઝનલ કોર્ટ ટ્રાયલ કોર્ટના હુકમની સાથે સહમત છે અને જેથી હાલની રીવીઝન અરજ મંજુર કરી શકાય નહી તેવા નિર્ણય પર આવી નીચે મુજબનો હુકમ ફરમાવુ છું.

// **<u>હુકમ</u>** //

**૧)** આથી, અરજદાર ની હાલની રીવીઝન અરજી ''**નામંજુર(રદ)**'' કરવામાં આવે છે.

**૨)** એડી. જયુડી. મેજી. નાઓના ભચાઉ પોલીસ સ્ટેશન ગુના રજી.નં. ૫૧૦૯/ ૨૦૧૯, પ્રોહી એકટની કલમ-૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાના કામે કબજે કરેલ વાહન રજી. નં. જી.જે.૦૪.સીજે.૫૩૧૭ ની મુદામાલ અરજીને નામંજુર(રદ) કરતા તા. ૩૧/ ૮/૨૦૨૦ના રોજના હુકમને આથી કાયમ કરવામાં આવે છે.

**૩)** હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટના રેકર્ડ સાથે બાંધવા માટે મોકલવી.

**૪)** ટ્રાયલ કોર્ટનું અસલ રેકર્ડ તાત્કાલીક અસરથી પરત મોકલવું.

આ હુકમ આજરોજ તા.૧૫ મી, માહે- ઓકટોબર સને ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૫/૧૦/૨૦૨૦ (એમ.એફ.ખત્રી)

સ્થળ : ભચાઉ-કચ્છ ૯ માં એડીશનલ સેસન્સ જજ,

ભચાઉ-જી.કચ્છ

જીજે૦૦૬૯૧